## પ્રકરણ - (૨)

### પુસ્તનેપથ્ય અથવા પુસ્તરચના (મંચવસ્તુઓ)

પુસ્ત રચનાની વ્યાખ્યા કરતા ભરતમુનિ જણાવે છે કે :-

શૈલયાનંવિમાનાનિ ચર્મવર્મધ્વજા નગા : ।
યાનિ ક્રિયન્તે નાટયે હિ સ પુસ્ત ઇતિ સંજ્ઞિત: ।

( અધ્યાય ૨૩ શ્લોક ૯ )

નાટ્યપ્રયોગમાં ઉપયોગાર્થે જે પર્વત, યાન (રથ, પાલખી વિગેરે) વિમાન, ઢાલ, કવચ, ધ્વજ તથા હાથી (નગ) વિગેરેનું નિર્માણ કરવામાં આવે છે તેને 'પુસ્ત' રચના કહે છે.

આધુનિક રંગમંચ ઉપર જેને આપણે 'મંચવસ્તુઓ Stage properties કહીએ છીએ તેની વિચારણા ભરતમુનિએ પુસ્તરચના - પ્રતિકૃતિ નિર્માણ વિધિ Modelled Objects -અંતર્ગત કરી છે. મંચવસ્તુઓ બે પ્રકારની હોય છે - દૃશ્ય દ્દશ્યવસ્તુઓ Scene props અને હસ્ત-વસ્તુઓ hand props . . આ બંને પ્રકારની મંચવસ્તુઓ સંબંધી વિચારણા 'પુસ્તનેપથ્ય' માં થઇ છે.

કથાવસ્તુની માંગ પ્રમાણે, રંગમંચ ઉપર, શૈલ, યાન, વિમાન, રથ, હાથી, ધ્વજા તેમજ દંડ વિગેરે અનેક લૌકિક પદાર્થોની ઉપસ્થિતિ અનિવાર્ય બને છે. આ બધા પદાર્થોને પ્રકૃત રુપે-લોકધર્મી શૈલીમાં પ્રસ્તુત કરવા રંગમંચની મર્યાદાને કારણે અશકય છે. તેથી તેમને પ્રતીકાત્મક રીતે, નાટ્યધર્મી શૈલીમાં રજુ કરવાનો આગ્રહ ભરતમુનિએ રાખ્યો છે. લૌકિક પદાર્થોને સાંકેતિક પુસ્તો ( પ્રતિકૃતિ - મોડેલ) ના' માધ્યમથી રંગમંચ ઉપર રજુ કરવાથી સારુપ્યનું સર્જન થાય છે. સારુપ્ય સર્જન દ્વારા નાટ્યમાં કલાત્મકતા અને યથાર્થતાનો ઉચિત પ્રયોગ થાય છે. પુસ્તનો અર્થ થાય છે સંયોજન અથવા સાંકેતિક પ્રતિકૃતિ નિર્માણ. આ પુસ્ત વિધિના ત્રણ રુપ ભરતમુનિએ વર્ણવ્યા છે. (૧) સંધિમ (૨) વ્યાજિમ (૩) વેષ્ટિમ અથવા ચેષ્ટિમ. આ ત્રણે રુપ નાનારુપ પ્રમાણત: હોય છે. (અધ્યાય ૨૩ શ્લોક ૬ )

સન્ધિમ પુસ્ત

નાટકના ઉપયોગ અર્થે (નાટ્યસંશ્રય:) જે વસ્તુનું નિર્માણ કિલિંજ-સાદડી (ચટાઇ) વસિ, ચામડું અથવા વસ્ત્રથી કરવામાં આવે છે તેને સન્ધિમ પુસ્ત કહે છે.
( અધ્યાય ૨૩ શ્લોક ૭)

સન્ધિમનો અર્થ સમજાવતાં અભિનવગુપ્ત જણાવે છે કે સન્ધાનં સન્ધા, તયા નિર્વૃત:, સદલાદિરુપં ક્રિયતે ઇતિ સન્ધિમ: અર્થાત બે ભાગો જોડવાથી બનતી વસ્તુઓ સન્ધિમ સમજવી.
( અભિ.ભા.ભાગ ૩ પૃ.૧૦૯)

ભરતમુનિએ પ્રયોજેલા 'કિલિંજ' શબ્દના વિવિધ અર્થો મળે છે. શ્રી મનમોહન ઘોષ કિલિંજ માટે અંગ્રેજી પર્યાય met પ્રયોજે છે. તેને અનુસરી શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી સાદડી અથવા ચટાઇ શબ્દ પ્રયોજે છે. પં.સીતારામ ચતુર્વેદી કિલિંજ નો અર્થ ભોજપત્ર અર્થાત્ ભૂર્જપત્ર એટલે કે ભૂર્જ નામના વૃક્ષની છાલ એવો કરે છે. શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત પણ ભૂર્જપત્ર શબ્દ સ્વીકારે છે.

સંધિમનો અર્થ થાય છે જોડવું અથવા બાંધવું., સંયોજિત કરવું. સંધિમ વિધિ ધ્વારા વિભિન્ન વસ્તુઓને પરસ્પર બાંધી, સંયોજિત કરી મંચોપયોગી વસ્તુઓની રચના કરવામાં આવતી. વસિ, ભૂર્જપત્ર, ચામડું, વસ્ત્ર, વિગેરે ધ્વારા અપેક્ષિત દૃશ્યસામગ્રીની રચના થતી. પ્રસ્તર-શિલાઓ, પ્રાસાદ, દુર્ગ, વાહન, વિમાન, રથ, ઘોડા અને હાથીની સાંકેતિક પ્રતિકૃતિઓ નાટ્યધર્મી શૈલીમાં 'સંધિમ પુસ્તવિધિ' ધ્વારા રજુ કરવામાં આવતી એવું અનુમાન કરી શકાય. શ્રી પ્રમોદ કાળે સન્ધિમ પુસ્તને છાલ, ચામડુ અથવા વસ્ત્ર વડે બનાવવામાં આવેલી સંયોજિત મંચવસ્તુ, Composite property કહે છે. ( Theatric Universe Page : 118 ) શ્રી જી.કે.ભટના મત પ્રમાણે પાંદડાં અથવા છાલ વસિ, વસ્ત્ર વડે પદાર્થનું અપેક્ષિત રુપ desired form of a thing કરવું તે 'સંધિમ પુસ્ત' કહેવાય છે. ( Bharat Natya Manjari ) શ્રી અપ્પારાવના કથન અનુસાર રંગમંચની વિવિધ જરુરિયાત પ્રમાણે માવો, સાદડી, વાંસ, ચામડું, વસ્ત્ર

Smt. HANSA MEHTA LIBRARY
THE M.S. UNIVERSITY OF BARODA
P.TH 9&


વિગેરે દ્વારા પદાર્થોના જરુરી આકાર shape તથા સ્વરુપ form તૈયાર કરવા તેને સંધિમ પુસ્ત કહે છે. ( Bharata's Natyasaastra Page : 61 )

વ્યાજિમ પુસ્ત

કોઇ યંત્ર દ્વારા બનાવવામાં આવેલ ઉપકરણોને વ્યાજિમ પુસ્ત કહે છે.

(યન્ત્રેણ ક્રિયતે)

(અધ્યાય ૨૩ શ્લોક ૮)

વ્યાજિમનો અર્થ સ્પષ્ટ કરતાં અભિનવગુપ્ત જણાવે છે કે વ્યાજ: સૂત્રસ્યાકર્ષાદિરુપ: આક્ષેપ: તેન નિવૃત્ત: વ્યાજિમ: । અર્થાત દોરડી ખેંચી તેના વડે પ્રસ્તુત કરવામાં આવતાં કાર્યો અથવા નિર્માણ તે વ્યાજિમ.

(અભિ.ભા.ભાગ ૩ પૃ.૧૦૯)

યાંત્રિક સાધનો દ્વારા જે ભૌતિક પદાર્થોનો રંગમંચ ઉપર પ્રયોગ થાય છે તે વ્યાજિમ કહેવાય છે. આ વ્યાજિમ પુસ્તવિધિ વડે રથ, યાન અને વિમાન આદિ જંગમ પદાર્થોને રંગમંચ ઉપર કૃત્રિમ ગતિ પ્રાપ્ત થતી. અભિનવગુપ્તના મત પ્રમાણે આ જંગમ ભૌતિક પદાર્થોને દોરડાના માધ્યમ વડે આગળ પાછળ ખસેડી તેમનામાં કૃત્રિમ ગતિ ઉત્પન્ન કરવામાં આવતી. અહીં ગતિની ભ્રમણા -(છળકપટ) ઉભી કરવામાં આવતી હોવાથી શ્રી પ્રમોદ કાળે વ્યાજિમ વિધિને deceptive variety કહે છે. ( The Theatric Universe Page 118 ) શ્રી અપ્પારાવ, ઉચ્ચાલક ( lever ) તાર (wire) અથવા દોરડી ( ropes ) વિગેરે દ્વારા પદાર્થમાં ગતિ સંચાર ( Animation ) ને વ્યાજિમપુસ્ત કહે છે. ( Bharata's Natyasaastra Pate :61 ) શ્રી જી.કે.ભટના મતે દોરડી વડે ખેંચવા જેવી યાંત્રિક કરામતો વડે મંચવસ્તુઓનું સંચાલન 'વ્યાજિમ પુસ્ત' કહેવાય છે. ( Bharat Natya Manjari Page L XXXVI )

વેષ્ટિમ પુસ્ત

જેનું સ્વરુપ કોઇ વસ્તુથી આવેષ્ટિત કરવાથી બનતું હોય તેને વેષ્ટિમ પુસ્ત કહે છે.
( અધ્યાય ૨૩ શ્લોક-૮)

વેષ્ટિમનો અર્થ સ્પષ્ટ કરતા અભિનવગુપ્ત જણાવે છે કે -

ઉપરિ જતુસિક્થકાદિના વેષ્ટસ્તેન નિર્વૃત: વેષ્ટિમ: । અર્થાત વેષ્ટિમ તેને કહેવાય જે લાકડી અથવા લાખના આવરણ ચઢાવવાથી બને.
( અભિ.ભા. ભાગ-૩ પૃ.૧૦૯)

વેષ્ટિમ (ત) અથવા ચેષ્ટિમ એ પુસ્તવિધિ છે. જેમાં વસ્ત્ર વિગેરેને આવેષ્ટિત અથવા લપેટીને પ્રયોગ કરવામાં આવે છે. વેષ્ટિમની જગ્યાએ ચેષ્ટિમ એવો પાઠભેદ પણ મળે છે. તદાનુસાર ભૌતિક પદાર્થનું જ્ઞાન તદ્ધત્ ચેષ્ટાના પ્રદર્શન દ્વારા પણ થાય છે. આ પ્રમોદ કાળે વેષ્ટિમ પુસ્તને સાંકેતિક- Symbolic Variety કહે છે. તેમનું વિધાન છે કે -

" When an object is designated by a token as if in mockery then it is of the symbolic variety

(વેષ્ટિમ)''
શ્રી જી.કે.ભટ.

લાખ અને મીણના ઘર વડે આચ્છાદિત પદાર્થને 'વેષ્ટિમ પુસ્ત' કહે છે. શ્રી અપ્પારાવના મતે પડદા drapery વિગેરે દ્વારા વસ્તુનિર્માણ 'વેષ્ટિત' કહેવાય છે.

નાટ્યમાં આ પુસ્તવિધિ દ્વારા, શૈલ, યાન, વિમાન, વાહન અને નાગ વિગેરેનો પ્રયોગ થાય છે. વત્સરાજ ઉદયનની કથાઓમાં યન્ત્રનિર્મિત હાથીનો ઉલ્લેખ મળે છે. દશરુપક ટીકાકાર ધનિકે આ પ્રકારના હાથીના પ્રયોગનો સંકેત કર્યો છે. તથા 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં યૌગન્ધરાયણ દ્વારા આવા હાથીની રચનાનો સંકેત આપવામાં આવ્યો છે. (અંક-૧) 'મૃચ્છકટિક' અને 'અભિજ્ઞાન શાકુન્તલ'માં રથ અને વાહનોનો પ્રયોગ રંગમંચ ઉપરજ કરવામાં આવ્યો છે. 'બાલારામાયણ'માં રાજશેખરે પુતળી સોનાની

પરિકલ્પના આ શૈલીમાં કરી છે. સંભવ છે આવો પુસ્તવિધિ દ્વારા આ ભૌતિક પદાર્થોને રંગમંચ ઉપર પ્રસ્તુત કરવામાં આવતા હોય. જો કે 'ગતિવિધાન' ના સંદર્ભમાં શૈલયાનું અને વિમાન વિગેરે ચિત્રપટ ઉપર અંકિત કરી રંગમંચ ઉપર પ્રત્યક્ષ રુપે પ્રસ્તુત કરવાનું વિધાન છે. સંભવ છે કે અત્યંત પ્રાચીન કાળમાં પુસ્તવિધિનો વિનિયોગ નહીં કરવામાં આવતો હોય. તેની જગ્યાએ ચિત્ર-રચના દ્વારાજ આ વસ્તુઓને પ્રસ્તુત કરી દૃશ્યવિધાનને પૂર્ણતા આપવામાં આવતી હશે. પછીના કાળમાં પુસ્તવિધિનો વિકાસ થયો હશે.

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં નાટ્યોત્પત્તિના સંદર્ભમાં છત્ર, મુકુટ, ઇન્દ્રધ્વજ, ભૃંગાર, ધ્વજા અને વ્યંજન વિગેરે વિવિધ પ્રકારના શુભસંકેતક તથા નાટ્યોપયોગી પદાર્થોની સુચી આપવામાં આવી છે. આ બધી વસ્તુઓ-પદાર્થો-ઉપકરણો પુસ્તવિધિ દ્વારા બનાવવામાં આવતા હશે. આ પ્રમાણે 'ગતિવિધાનના સંદર્ભમાં રાજા, મંત્રી, નૃપપત્ની તથા સમાજના વિભિન્ન સ્તરોના પાત્રો માટે સિંહાસન, દેવાસન, મુણ્ડાસન, કુશાસન, કાષ્ઠાસન અને મયુરાસન વિગેરેનું જે વિધાન કરવામાં આવ્યું છે તે બધાની રચના પુસ્તવિધિ દ્વારા જ સંભવિત થતો હશે.

આહાર્યની પુસ્તવિધિ દ્વારા નાટ્યપ્રયોગને પ્રકૃતરુપ આપવામાં ઘણી સહાયતા મળે છે. પ્રાસાદ, મંદિર, મૂર્તિ, ધ્વજા, પ્રતિશીર્ષ (મહોરું) તથા મુકુટ આદિ પણ નાટ્યધર્મી શૈલીમાં પુસ્તવિધિ દ્વારાજ બનાવી શકાય છે. 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' ની ઘોષવતી વીણા, પ્રતિમા નાટકમાં દિવંગત રાજાઓની મૂર્તિઓ અને બાલચરિતના મનુષ્ય રુપ ધારી શંખ, ચક્ર વિગેરે પુસ્તવિધિ દ્વારા સંપન્ન થઇ શકે છે. અર્જુનના ધનુષ્યબાણ ભીમની ગદા, શિવનું ત્રિશુળ વિગેરે હસ્તવસ્તુઓ hand props પણ પુસ્તવિધિ દ્વારાજ બનાવી શકાય.

ભરતમુનિ જણાવે છે કે નાટક માટે પ્રાસાદ, ગૃહ, યાન વિગેરેની પ્રતિકૃતિઓ-પુસ્ત-લોખંડમાંથી નહીં પણ વેણુદલ, લાક્ષા, ઘાસફુલ, અભ્રક, મધુ વિગેરેના લેપ દ્વારા

બનાવવી જોઇએ. શૈલ, પ્રાસાદ, દેવગૃહ, યાન, વિમાન, ગૃહ જેવી દૃશ્ય સામગ્રી તથા ધ્વજ, ગદા, શંખ, ત્રિશુળચક્ર જેવી હસ્તવસ્તુઓને પહેલાં વાંસની પટ્ટીઓ વડે તેનો આકાર બનાવી ઉપર વસ્ત્ર લગાડી સારુપ્ય સૃજન ધ્વારા તૈયાર કરવી જોઇએ.

નાટ્ય-કથાના આગ્રહથી પ્રયોજય યુધ્ધ અને નિયુધ્ધ વિગેરે રોમાંચક નાટ્યદૃશ્યોમાં વિવિધ પ્રકારના અસ્ત્ર-શસ્ત્રોની રચના તથા પ્રયોગ સંબંધી વિધાન પણ ભરતમુનિએ કર્યું છે જે નીચે પ્રમાણે છે.

## શસ્ત્રવિધાન

ભરતમુનિનું વિધાન છે કે નાટ્યપ્રયોગમાં યુધ્ધ, સંફેટ (રોષપૂર્વક બોલવું) તથા (નગર વિગેરેને) ઘેરો ઘાલવો જેવા દૃશ્યોમાં પાત્રોને અનેક શસ્ત્રો સાથે પ્રસ્તુત કરવા જોઇએ.
(અધ્યાય-૨૩ શ્લોક ૧૫૩)

નાટ્યપ્રયોગ વખતે ઉપયોગમાં લેવામાં આવતા ભિન્દી, ભાલો, શુળ, ધનુષ, બાણ, તલવાર વિગેરે શસ્ત્રોના ચોક્કસ પ્રમાણ-માપ અંગે પણ ભરતમુનિએ વિગતવાર ચર્ચા કરી છે.

### (૧) શસ્ત્ર પ્રમાણ

વિવિધ શસ્ત્રોના પ્રમાણ ભરતમુનિ નીચે પ્રમાણે વર્ણવે છે. ( અધ્યાય ૨૩ શ્લોક ૧૫૪ થી ૧૫૯)

| શસ્ત્ર | પ્રમાણ |
|---|---|
| ભિણ્ડિ (અર્થાત ગોફણ) | બાર તાલ<br>( ૧ તાલ - ૧૨ આંગળ ) |
| કુન્ત અર્થાત ભાલો | ૧૦ તાલ |
| સાંગ (શતઘ્ની) શુળ (અર્થાત બરછી)<br>તોમર (અર્થાત ગરંજ) શક્તિ | ૮ તાલ |
| ધનુષ | લંબાઇ ૮ તાલ, પહોળાઇ ૨ હસ્ત |

| શસ્ત્ર | પ્રમાણ |
|---|---|
| બાણ, ગદા, વજ્ર | લંબાઇ ૪ તાલ |
| તલવાર | ૪૦ આંગળ |
| ચક્ર | ૧૨ આંગળ |
| પ્રાસ | ૬ આંગળ |
| પટ્ટિસ | ૬ આંગળ |
| દણ્ડ | ૨૦ આંગળ |
| કણય | ૨૦ આંગળ |
| ચર્મ અર્થાત્ ઢાલ કે જેને ઘંટડી તથા કડાં લાગેલા હોય | ૧૬ આંગળ વિસ્તીર્ણ ૨ હાથ લંબાઇ |
| ખેટક | ૩૦ આંગળ વિસ્તીર્ણ ૨ હાથ લંબાઇ |

ભરતમુનિએ કુન્ત (ભાલો) શતઘ્ની, શુલ, તોમર, શક્તિ, ધનુષ, ગદા, શર, વજ્ર તથા ચક્ર આદિ હસ્તવસ્તુરુપે આવતા અસ્ત્ર તથા ઉત્તમ શસ્ત્રોને યથાર્થરુપે નહિ પણ અનુકૂલ રુપે રજુ કરવાનો આગ્રહ રાખ્યો છે. રંગમંચ ઉપર લોક પ્રચલિત, પત્થર અથવા લોખંડના બનેલા ભારે અસ્ત્ર-શસ્ત્રનો પ્રયોગ ન કરતાં લાખ, વાંસ, પાંદડા, મધુ વિગેરેના યોગથી હલકા, માત્ર દેખાવનાં જ અસ્ત્ર-શસ્ત્ર નાટય પ્રયોગમાં વાપરવા જોઇએ. અન્યથા ભારે અસ્ત્ર-શસ્ત્રોને ઉઠાવવાથી શ્રાન્ત અને શિથિલ પાત્ર આંગિક અભિનય સફળતાપૂર્વક કરી શકતું નથી. નાટ્યપ્રયોગનું લક્ષ્ય સારુપ્ય સૃજન છે વાસ્તવિક અસ્ત્ર-શસ્ત્ર નહીં.

વિવિધ શસ્ત્રોના પ્રમાણ તથા નિર્માણ સંબંધી ચર્ચા કર્યા પછી ભરતમુનિ રંગમંચ ઉપર શસ્ત્રના પ્રયોગ સંબંધી ચર્ચા કરે છે.

## (૨) શસ્ત્રપ્રયોગ

ભરતમુનિનું વિધાન છે કે રંગમંચ ઉપર સાચાં શસ્ત્રોનો ક્યારેય પ્રયોગ કરવો ન જોઇએ. શસ્ત્ર વડે સાચેસાચ કોઇ પાત્રને ઘાયલ પણ ન કરવું જોઇએ. શસ્ત્ર પ્રયોગ સંજ્ઞા માત્રથી કરવો જોઇએ અને કેવળ દૂરથી સ્પર્શ કરતાં અનુરુપ મુદ્રા અથવા ભાવ (હાવ ભાવ) પ્રદર્શિત કરવા જોઇએ. (શ્લોક ૨૧૦) અથવા તો પછી પ્રયોક્તાએ યોગ્ય તાલીમ મેળવી (યોગશિક્ષાભિર્વિધૈ) તથા ચતુરાઇથી કુત્રિમ આભાસ ઉભો કરી (માયાકૃતેન) શસ્ત્રમોક્ષણ કરવું જોઇએ જેનાથી દક્ષતા તથા શૌર્ય પ્રદર્શિત થઇ શકે. (શ્લોક ૨૧૧) લોકવ્યવહાર (લોકાદ) જોઇને શસ્ત્રનો પ્રયોગ કરવો જોઇએ. (શ્લોક ૨૧૨)

ભરતમુનિનું સ્પષ્ટ કથન છે કે શસ્ત્ર વડે પ્રહાર ન કરવો જોઇએ. સંકેતથી અંગ-સ્પર્શ માત્ર થવો જોઇએ નહિ તો પ્રહાર થવાથી પાત્ર ક્ષત-વિક્ષત થઇ શકે છે. છેદન-ભેદન, તાડન-મારણ વિગેરે દ્વારા રુધિરસ્ત્રાવનો પણ નિષેધ છે. પ્રભાવોત્પદકતા માટે રુધિર-સ્ત્રાવ આવશ્યક હોય તો પણ તેનો પ્રયોગ આહાર્યવિધિ દ્વારા થવો જોઇએ. નાટ્ય પ્રયોગમાં શસ્ત્ર-પ્રયોગ સીમિત છે. નાટ્ય પ્રયોગનો હેતુ સારુપ્ય સૃજન make-believe નો છે. વાસ્તવિક છેદન અથવા ભેદન નહીં.

શસ્ત્રવિધાન ઉપરાંત ભરતમુનિએ ઇન્દ્રધ્વજ, જર્જર, દણ્ડકાષ્ઠ તથા પ્રતિશીર્ષ (મહોરું) ના નિર્માણ સંબંધી વિસ્તૃત આલેખના રજુ કરી છે જે પુસ્તનેપથ્યવિધિનુંજ એક અંગ છે

### ઇન્દ્રધ્વજ નિર્માણ

ભરતમુનિ જણાવે છે કે શ્વેતભૂમિમાં તથા પુષ્ય નક્ષત્રમાં ઉત્પન્ન થયેલો અથવા પુષ્ય નક્ષત્રમાં કાપેલા વાંસમાંથી વિશ્વકર્માના લક્ષણ અનુસાર ઇન્દ્રધ્વજનું નિર્માણ કરવું જોઇએ. (શ્લોક ૧૬૩)

વિશ્વકર્માએ પોતાના ગ્રંથમાં ઇન્દ્રધ્વજના અનેક ભેદો નિરુપ્યા હોવાનો અભિનવગુપ્ત ઉલ્લેખ કરે છે પણ વિશ્વકર્માનો ગ્રંથ ઉપલબ્ધ નથી.

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં ભરતમુનિના નાટ્યપ્રયોગથી તુષ્ટ થયેલા દેવતાઓએ વિવિધ ઉપકરણો આપ્યા એવી કથા છે. તદાનુસાર સર્વ પ્રથમ પ્રસન્ન થનાર ઇન્દ્રએ પોતાનો શુભ ધ્વજ પ્રદાન કર્યો એવો ઉલ્લેખ છે. આ ઉપરાંત ઇન્દ્રધ્વજ મહોત્સવનો પણ ઉલ્લેખ છે જે અસુરો ઉપર દેવતાઓના (વિશેષતઃ ઇન્દ્રના) વિજયના ઉપલક્ષમાં ભાદ્રપદ શુકલ દ્વાદશીના દિવસે મનાવવામાં આવતો. ઇન્દ્રધ્વજનો નાટ્યમાં વિનિયોગ સંબંધી વિધાનો મળતો નથી.

## જર્જરનિર્માણ

ભરતમુનિ જણાવે છે તેમ શ્વેતભૂમિમાં ઉત્પન્ન તથા પુષ્ય નક્ષત્રમાં કાપેલા વૃક્ષમાંથી કોઇ વૃક્ષની લાકડાનો ટુકડો કાપી તેમાંથી જર્જર બનાવવું જોઇએ અથવા વૃક્ષની ફણગા અથવા અંકુરમાંથી (પ્રરોહ) પણ જર્જર બનાવી શકાય પણ જર્જર માટે 'વાંસ' સૌથી વધારે યોગ્ય રહે છે. ( શ્લોક ૧૬૪/૧૬૫)

વાંસના ટુકડાની લંબાઇ ૧૦૮ આંગળ રાખવી જોઇએ. તેને પાંચ વર્ષ (કાતળી) અને ચાર ગાંઠો રાખવી પણ તે મોટી ન હોવી જોઇએ. વળી ગાંઠોમાંથી ઝીણી ઝીણી ડાળો ન નિકળેલી હોય. છિદ્ર વિનાનો, અક્ષત પર્વવાળો અને બરાબર માપવાળો વાંસ લઇ તેને મધ, ઘી અને સરસવ ચોપડો, પુષ્પ તથા ધૂપ વડે તેની પૂજા કરી જર્જર ગ્રહણ કરવો જોઇએ.
( શ્લોક ૧૬૫ થી ૧૬૭ )

જર્જર, ઇન્દ્રધ્વજ માટે 'પુણ્યવેણુ' વાંસ લેવો જોઇએ. હમેશાં જેના પાંદડા પોળાં હોય તથા જેમાં ધોળા તલ પડેલા હોય તેને 'પુષ્પવેણુ' કહે છે. ( શ્લોક ૧૬૯ )

ના.શા.ના પ્રથમ અધ્યાયમાં ઇન્દ્રના વિઘ્ન-નાશક જર્જરની કથા છે. ત્રીજા અધ્યાયમાં તેની પૂજા સંબંધી વિધાન છે. પ્રારંભમાં તે ઉદ્દણ્ડ દર્શકોના નિયમન માટે હતો પણ સુવ્યવસ્થિત પ્રેક્ષાગૃહના નિર્માણ પછી તે એક પ્રથા માત્ર બની રહયો.

## દણ્ડકાષ્ઠ નિર્માણ

ભરતમુનિ જણાવે છે તેમ કોહું, બીલી, અથવા વાંસની લાકડીમાંથી દણ્ડકાષ્ઠ

બનાવવો જોઇએ. તે સુંદર, ત્રણ સ્થાનથી વાંકો તથા લક્ષણ શાળી હોવો જોઇએ. કીડાઓએ ખાધેલી કે સડેલી લાકડીમાંથી દણ્ડકાષ્ઠ ન બનાવવો જોઇએ. તે (વાંસની) પાતળી શાખામાંથી બનાવવો જોઇએ. (શ્લોક ૧૭૧/૧૭૨) લક્ષણ રહિત દંડ અથવા જર્જર બનાવવાથી હાનિ થાય છે. (શ્લોક ૧૭૩)

ભરતમુનિના કથન અનુસાર દણ્ડકાષ્ઠનો વિનિયોગ બહુધા વિદૂષક દ્વારા થાય છે એટલે દણ્ડકાષ્ઠને વિદૂષકની hand Property કહી શકાય. કુટિલક દણ્ડકાષ્ઠનો પ્રર્યાય છે. ના.શા.ના પ્રથમ અધ્યાયમાં બ્રહ્માએ કુટિલક આપ્યો એવો ઉલ્લેખ છે. (શ્લોક ૫૯) ઇન્દ્ર ધ્વજ, જર્જર, દણ્ડકાષ્ઠ વિગેરે મંચવસ્તુઓના નિર્માણ સંબંધી ચર્ચા કરવા ઉપરાંત ભરતમુનિએ પ્રતિશિર્ષના નિર્માણ સંબંધી ચર્ચા પણ કરી છે.

### <u>પ્રતિ શિર્ષ</u>

ભરતમુનિએ મહોરું ( mask ) અને શિરોવેષ્ટન ( head - dresses ) તથા મુકુટ - એ બંને અર્થમાં 'પ્રતિશિર્ષ ' સંજ્ઞા પ્રયોજી છે.

'' વિભિન્ન દેવતા તથા મનુષ્ય પાત્રોના દેશ, જાતિ, અવસ્થા અનુસાર પ્રતિશિર્ષ બનાવવા જોઇએ અને તેનો ઉપયોગ કરવો જોઇએ.'' - એવું ૧૩૩ માં શ્લોકમાં વિધાન કર્યા પછી તરતજ ૧૩૪ માં શ્લોકમાં ત્રિવિધ મુકુટ ભરતમુનિ વર્ણવે છે એટલે અહીં 'પ્રતિશિર્ષ' શબ્દ તેમણે મુકુટ crown ના અર્થમાં પ્રયોજયો હોવાનું જણાવે છે. ''અમાત્ય, કંચુકી, શ્રેષ્ઠી તથા પુરોહિતોના મસ્તક ઉપર વેષ્ટનાબધ્ધ પટ્ટાનિ પ્રતિશિર્ષાણિ કારયેત'' એવું વિધાન પ્રતિશિર્ષ સંજ્ઞા પાઘડી જેવા શિરોવેષ્ટનના અર્થમાં પ્રયોજાઇ હોવાનું પ્રમાણ છે. ત્યાર બાદ 'પ્રતિશિર્ષ ' નિર્માણવિધિ' ના સંદર્ભમાં પ્રતિશિર્ષ સંજ્ઞા પ્રયોજાઇ છે. નિર્માણવિધિનો અભ્યાસ કરતાં અહીં તે મહોરાના અર્થમાં પ્રયોજાઇ હોવાનું જણાય છે. શ્રી જો.કે.ભટ આ ત્રણે અર્થ- મુકુટ, શિરોવેષ્ટન તથા મહોરું - માન્ય રાખે છે.

" Bharata's mention of પ્રતિશિર્ષ or પ્રતિશિર્ષક refers, on

the one hand to crowns and headdresses and, on the other hand, to masks." (Theatric Aspects of Sanskrit Drama Page 97)

## પ્રતિશિર્ષ નિર્માણ

પ્રતિશિર્ષનું નિર્માણ કેવી રીતે કરવું તેની વિસ્તૃત ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે પ્રતિશિર્ષ બનાવવા માટે પહેલાં પટી અથવા ઘટી તૈયાર કરવી પડે. પટી એક પ્રકારનું અચ્છાદાન-આવરણ હતું. નટને જ્યારે કોઇ પ્રાણીની ભૂમિકા ભજવવાની આવે ત્યારે આ પટી ઓઢે તે પોતાના શરીરને માથાથી પગ સુધી ઢાંકી દેતું. પટી ઉપર આંકવામાં આવેલું ચિત્ર જે તે પ્રાણીનો બોધ કરાવતું. પ્રતિશિર્ષ કરવા માટે બત્રીશ આંગળની પટી તૈયાર કરવાનું ભરતમુનિ સૂચવે છે. તે પટી તૈયાર કરવા માટે બિલ્વ અર્થાત બીલીના ગર્ભમાં પાણી રેડી તેને ઉકાળી તૈયાર કરેલ રસ વડે ચોપડેલ વસ્ત્ર, કોલસાની રાખ, ફોતરાં કે માટીમાંથી બનાવેલ માથાના આકારવાળા ચોકઠા ઉપર ચોટાડી તેને તાપમાં બરાબર સુકવ્યા પછી નિયમાનુસાર તીક્ષ્ણ અને નાના હથિયાર વડે બરાબર ઉભા બે ભાગ કરવા. પછી તેમાં ૬ આંગળ લાંબો અને એક આંગળ પહોળો એવો લલાટના સ્વરુપવાળો ભાગ કોતરી કાઢવો. પછી બે આંગળ લાંબો અને દોઢ આંગળ પહોળો છેદ કપોલ માટે અને ત્રણ આંગળનો લાંબો છેદ કાન માટે પાડવો. અને તેટલાજ પ્રમાણવાળો અર્થાત ત્રણ આંગળનો બીજો એક લાંબો છેદ મોં (હોઠનો ભાગ) માટે પાડવો. તેને બાર આંગળ લાંબી સુડોળ ગરદન પણ જોડવી. આમ પ્રતિશિર્ષ માટે ના બહુ મોટી, ના બહુ પાતળી કે ના બહુ નરમ એવી પટી તૈયાર કરી અને તેના ઉપર ઉપરોક્ત છેદ પાડી અનેક કલાત્મક રત્નજડિત મુકુટ સ્થાપિત કરવા.

(અધ્યાય ૨૩ શ્લોક ૧૭૪ થી ૧૮૩)

પ્રતિશિર્ષનો ભરતનિરુપિત નિર્માણવિધિનો અભ્યાસ કરતાં જણાય છે કે માટીની બરણી earthen jar નો આધાર foundation રુપે વિનિયોગ કરી, ભસ્મ, છોતરાં, અને પણી માટીમાંથી મહોરાં તૈયાર કરવામાં આવતાં હશે. બીલીનો માવા અને તેલ જેવા ચીકણા પદાર્થો વડે તેના ઉપર વસ્ત્ર લગાડવામાં આવતું હશે. તે તાપમાં સુકાઇ જાય એટલે તીક્ષ્ણ

હથિયાર વડે આંખ, કાન, નાક, મો માટે છિદ્રો પાડી મુખના ભાગો facial features યોગ્ય રીતે ઉપસાવવામાં આવતા હશે પછી વિવિધ રંગો વડે તેને ચિત્રિત કરવામાં આવતાં હશે. મુકુટ અને શિરોવેષ્ટન સાથે મહોરું પહેરવામાં આવતું હશે. કેટલાક દેવો, દશ-માથાળા રાવણ જેવા રાક્ષસો, પ્રાણીઓ તથા પંખીઓ 'અનુરુપ મહોરાં' દ્વારા સાંકેતિકપણે રજુ થતાં હશે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં આવતું મૃગ બાળ અને સિંહબાળ, બાળનટને યથાસ્વરુપ મહોરું પહેરાવી અને તેને અનુરુપ આંગિક ચેષ્ટાઓ કરાવી રંગમંચ ઉપર રજુ કરવામાં આવતાં હશે. કેટલાક કિસ્સાઓમાં માત્ર નૃત્ય શિલ્પ દ્વારા dance technique દ્વારા, માત્ર આંગિક ચેષ્ટાઓ દ્વારા, સાંકેતિક હસ્તમુદ્રાઓ અને પાદવિન્યાસ દ્વારા, વિવિધ પશુ પ્રાણીનો આભાસ રંગમંચ ઉપર ઉભો કરવામાં આવતો હશે.

મંચવસ્તુઓ માટે ભરતમુનિએ 'નાટ્ય ઉપકરણ' સંજ્ઞા પ્રયોજી છે. વિવિધ નાટ્ય ઉપકરણો કેવી રીતે બનાવવા તેની ચર્ચા ભરતમુનિએ વિસ્તૃતપણે કરી છે.

નાટ્ય ઉપકરણ
(શ્લોક ૧૮૪ થી ૨૦૪)

ભરતમુનિનું વિધાન છે કે નાટ્યપ્રયોગ દરમ્યાન પાત્રોને અપેક્ષિત ઉપકરણ સાથે પ્રયોજવા જોઇએ. આ ઉપકરણોના વિવિધ સ્વરુપો નાટ્યમંચની આવશ્યકતા પ્રમાણે બનાવવા જોઇએ. (શ્લોક ૧૮૪) જડચેતનમય જગતના શિલ્પો અથવા વસ્તુઓના સાદૃશ્યવાળી વસ્તુઓ જ્યારે રંગમંચ પર પ્રયોજાય છે ત્યારે તેને નાટ્ય ઉપકરણ કહે છે. (શ્લોક ૧૮૫) બાહ્ય જગતની વસ્તુઓના પ્રમાણ તથા લક્ષણો જાળવી તજજ્ઞો પાસેથી તે વિશે જરુરી જ્ઞાન મેળવી નાટ્ય ઉપકરણોનું નિર્માણ થવું જોઇએ. (શ્લોક ૧ ૮ -૧૮૭)

આ સંસારમાં વિવિધ સ્વરુપ અને લક્ષણવાળા અનેક પદાર્થો છે. નાટ્યપ્રયોગમાં તેની 'અનુકૃતિ' અર્થાત પ્રતિકૃતિરુપ પદાર્થો વપરાય છે અને તે 'નાટયોપકરણ' તરીકે ઓળખાય છે. (શ્લોક ૧૮૯)

મોટા મહેલ, ઘર, વાહન, વિવિધ પ્રકારના હથીઆરો જે પ્રમાણે લોકમાં બને છે

તેવા નાટકમાં કરી શકાતાં નથી એટલે તેની પ્રતિકૃતિ નાટ્યમાં પ્રયોજવી. (શ્લોક ૧૯૦)

આ ઉપકરણો લોકધર્મી અને નાટ્યધર્મી બંને પ્રકારના હોઇ શકે. પોતાના સ્વાભાવિક સ્વરુપવાળા તે લોકધર્મી અને ભાવનાપૂર્ણ અથવા પરિવર્તિત સ્વરુપવાળા તે નાટ્યધર્મી. (શ્લોક ૧૯૧)

નાટ્યમંચ પર ઉપયોગી ઉપકરણ પત્થર, લોખંડ તથા અન્ય ધાતુમાંથી બનેલા ન હોવા જોઇએ કારણ તે ભારે અને વજનદાર હોવાથી તેનો ઉપયોગ કરનાર વ્યક્તિ (નટ) થાકી જાય છે. નાટ્યોપયોગી વસ્તુઓ લાકડાની, ચામડાની, લુગડાંની કે વાંસની છાલની બનાવવી કે જે ઉપાડવામાં હલકી થાય. (શ્લોક ૧૯૩) બખ્તર, ઢાલ, ધ્વજ, પર્વતો, મોટા મહેલ, દેવોની મૂર્તિઓ, ગુફાઓ, ઘોડાઓ, હાથીઓ, રથ વિગેરે વાહનો તથા વિમાનો તેમજ ઘરો બનાવવાં હોય ત્યારે પ્રથમ વાંસની છાલ વડે તે વસ્તુનો નમુનો કરી તેના ઉપર સુંદર રંગીન કપડું લગાવી વસ્તુનો આબેહુબ નમૂનો બનાવવો. જો વસ્ત્ર ન મળી શકે તો ત્યાં તાડનાં પાંદડાં અથવા ગૂણી સાદડી વડે કામ ચલાવવું. (શ્લોક ૧૯૪) / (શ્લોક ૧૯૫)

પગ, હાથ, માથુ અને ચામડીની પ્રતિકૃતિ પણ કોઇ જાતનું ઘડ, ગૂણી સાદડી અથવા શણના લુગડાંથી બનાવવી. કેટલીક ચીજવસ્તુઓની પ્રતિકૃતિ માટીથી બનાવવી તથા શણના લુગડાં, મીણ તથા લાખ વડે તેમજ ત્રાંબાના પતરાં વડે અથવા કેવળ અભ્રકના પતરાં વડે કેટલીક વસ્તુઓ બનાવવી. જેમ કે મણિ બનાવવો હોય તો અભ્રકનું રંગવું અથવા તેની પછવાડે જેવા રંગનો મણિ બનાવવો હોય તેવો રંગેલો પદાર્થ મૂકવો. જે જે દિવ્ય રચનાઓ બનાવવાની હોય તેમાં ઉજ્વળ અભ્રકનાં પતરાં વડે દિવ્ય પ્રકાશ બતાવવો તથા મણિઓ અને સર્પ પણ બનાવવા. શાસ્ત્રમાં જે વસ્તુઓની નિર્માણ વિધિ આપવામાં ન આવી હોય તે વસ્તુઓ નિર્માણ શિલ્પોના માર્ગદર્શન પ્રમાણે તેની સાથે ચર્ચા વિચારણા કર્યા પછી બનાવવી જોઇએ. આ તમામ નાટ્યોપકરણનું નિર્માણ ભાવિ મનુષ્યની સ્થિતિ જોઇને કરવું જોઇએ કારણ કે ભવિષ્યની માનવ પેઢીઓ બળહીન થતી જવાની. (શ્લોક ૨૦૪)

'નાટ્યઉપકરણ' અંતર્ગત ભરતમુનિએ વિવિધ લૌકિક પદાર્થોની નાટ્યપ્રયોગ અર્થે વિવિધ પ્રતિકૃતિઓ કેવી રીતે બનાવવી તેની આલોચના કરી છે. 'સારુપ્ય સર્જન' એ તેનો

મુખ્ય સિધ્ધાંત છે. નટને અભિનય કરવામાં મદદરુપ બને તે માટે લૌકિક પદાર્થોને પ્રકૃતરુપે નહિ પણ તેની અનુકૃતિ રંગમંચ ઉપર રજુ કરવી જોઇએ એવો ભરતમુનિનો સતત આગ્રહ છે. નાટ્યઉપકરણો વજનમાં હલકા હોવા જોઇએ કે જેથી હસ્તવસ્તુરુપે તેનો જ્યારે વિનિયોગ થાય ત્યારે નટ આસાનીથી શ્રમવિના તેનું સંચાલન કરી શકે એવો આગ્રહ પણ ભરતમુનિએ રાખ્યો છે. જે તેમની પ્રતિભાપૂર્ણ નાટ્યદૃષ્ટિનો સંકેત કરે છે.

રંગમંચ ઉપર દૃશ્યસામગ્રી તથા મંચવસ્તુઓના નિર્માણ માટે પુસ્તવિધિનો વિનિયોગ ભરતમુનિને અભિપ્રેત છે. સારુપ્ય સૃજનના સિધ્ધાંત ધ્વારા વિવિધ પદાર્થોની પ્રતિકૃતિ તૈયાર કરી, નટના આંગિક, વાચિક, સાત્વિક અભિનય ધ્વારા તેને અર્થપૂર્ણ બનાવવો એજ પુસ્તવિધિનો પરમ હેતું હોઇ શકે.